# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન

SHREE SWAMINARAYAN

# GURUKUL

INTERNATIONAL SCHOOL

## *Transforming Life*





...એવું વિશ્વ કે જ્યાં
સત્તાને વિકાસના
બદલે
વિનાશથી
માપવામાં આવશે ?
...એવું વિશ્વ કે જ્યાં
સંબંધ
એક સગપણના
બદલે લેવા-દેવાનો
કરારમાત્ર હશે ?
CONTRACT
આપણે આપણા બાળકો માટે કેવા
...એવું વિશ્વ કે જ્યાં
સંતોષ એ
અન્ય માટે યોગદાનના
બદલે વૈભવ-વિલાસમાં
જ હશે ?
...એવું વિશ્વ કે જ્યાં
કરુણા એ
સહાનુભૂતિના બદલે
માત્ર પૂછપરછનો જ
વિષય હશે ?







# પ્રકારનું **વિશ્વ તૈયાર** કરી રહ્યાં છીએ ?


આપણી પસંદગી ઘણી મહત્ત્વની છે !






# વૈશ્વિક વિઝન

ઇ.સ. ૧૯૪૮માં હિમાલયની કંદરાઓમાં,
એક ઐતિહાસિક ઘટના ઘટી.
જગતના તારણહાર, આર્ષદૃષ્ટા મહાપુરુષના હૃદયમાં
આપણા જીવનને આમૂલ પરિવર્તન કરનારી લાગણી પ્રગટી,
કે જેનાથી પ્રેરાઇને એમણે સમગ્ર વિશ્વ માટે
પોતાના જીવનનું બલિદાન અર્પ્યું.



પ.પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી
સંસ્થાપક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન

# એમના કરુણામય હૃદયમાં

## પીડા અને ચિંતા



નૈતિકતા વગરની આપણી ભાવિ પેઢી કેવી હશે!
નૈતિકતાના અભાવે આ વિશ્વ કેવું વિચિત્ર હશે!
સમગ્ર માનવજાત માટે ચિંતાનો વિષય બનેલા આ પ્રશ્નોએ એમના કોમળ હૃદયને હચમચાવી નાખ્યું.

## શોધ અને વિચાર



નૈતિકતાના આ વિનાશને કેવી રીતે અટકાવી શકીએ?
હિમાલયની સમગ્ર પદયાત્રા, આ ચિંતાના સમાધાનને શોધતી રહી.
અને અંતે એમને સમાધાન પ્રાપ્ત થયું,
આધ્યાત્મિકતા અને માનવતા બંને સાથે મળીને જ
આ નૈતિકતાના વિનાશને રોકી શકશે અને શાંતિ સ્થાપિત થઈ શકશે.

# Inspiration, Vision & Mission

### ~ Inspiration ~

॥ प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥

Propagate true wisdom in the world, the most noble endeavor.

*- Bhagwan Shree Swaminarayan (Shikshapatri)*

### ~ Vision ~

વિશ્વને માનવતા અને આધ્યાત્મિકતાની ચરમ સીમાએ પહોંચેલ માનવીઓથી સભર જોવું.

### ~ Mission ~

માનવતા અને આધ્યાત્મિકતાની ચરમ સીમાને પામવાનું સામર્થ્ય, અવસર અને વાતાવરણ આપી, પ્રત્યેક માનવનું જીવન પરિવર્તન કરવું.

## સમર્પણ અને સ્થાપના

તે જ ક્ષણથી, એમણે પોતાના સંપૂર્ણ જીવનને, વિચારને અને કાર્યને સમગ્ર માનવજાતના ઉદ્ધાર માટે સમર્પિત કરી દીધા. પરિણામે ઈ.સ. ૧૯૪૮માં **શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન**ની સ્થાપના થઈ.

# કેવી રીતે ?

**"કેવી રીતે?" એ ખરેખર એક મોટો પ્રશ્ન છે.**

**તમે કોઈના વિચારને, વલણને અને વર્તનને કેવી રીતે પરિવર્તિત કરી શકશો?**



### શૈક્ષણિક સેવાઓનો ઉદ્ભવ

હિમાલયની યાત્રા દરમ્યાન,
શાસ્ત્રીજી મહારાજે એક ઋષિને વેદો ભણાવતા જોયા અને
પ્રાચીન ગુરુકુલ પરંપરાની સ્મૃતિ થઈ આવી, પરિણામે
લુપ્તતાની આરે પહોંચેલી ગુરુકુલ પરંપરા,
ઈ.સ. ૧૯૪૮ માં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન દ્વારા
પુનઃસ્થાપિત થઈ.

## ઇ.સ. ૧૯૪૮ થી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન પોતાની વિશ્વભરની શાખાઓ દ્વારા લાખો વિદ્યાર્થીઓને મૂલ્ય આધારીત શિક્ષણ પ્રદાન કરી રહ્યું છે.

આ દરમ્યાન, અમે સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ઘણા પરિવર્તનો જોયા છે અને એ અનુભવના આધારે અમે જીવન મૂલ્યોના આ માળખામાં સતત સમયોચિત સુધારો કરી રહ્યાં છીએ.

## આ સમયે




**પ.પૂ. ગુરુવર્ય મહંત સ્વામી શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીની**
**પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર**



નિષ્કામ કર્મયોગી અને સંપૂર્ણ સમર્પિત સંતોએ, સંસ્થાના ઉમદા હેતુ માટે પોતાનો પરિવાર, કારકિર્દી અને સમગ્ર જીવનનું બલિદાન આપ્યું છે.

# સમાધાન



**નૈતિકતાના**
**પાયા પર**
**બંધાયેલા**
**શ્રદ્ધાના સ્થંભો,**
**ધરોહરની**
**કમાનો અને**
**આધ્યાત્મિકતાના**
**શિખરો**

# "વિદ્યા, સદ્વિદ્યા અને બ્રહ્મવિદ્યા"

## જીવન પરિવર્તનના મૂલ્યોનું માળખુ

॥ सा विद्या या विमुक्तये ॥

**મુક્તિ અપાવે તે જ વિદ્યા**




## માળખું

આ માળખું પ્રાચીન અને જીવન-પરિવર્તનશીલ ગુરુકુલ પ્રણાલીના સિદ્ધાંતો પર રચાયેલુ છે. અમારો પ્રયાસ હંમેશા આજના સામાજિક તથા સાંસ્કૃતિક ફેરફારોને અનુરુપ જીવન મૂલ્યો બાળકોમાં લાવવા માટે શ્રેષ્ઠ સંભવિત સાધનો તેમજ ટેકનોલોજિને વિકસિત કરવાનો છે. આ દ્વારા, અમે બાળકોને ઉછેરવામાં રોજ-બરોજ ઉદ્ભવતા ખૂબ જ જટીલ મુદ્દાઓને ધ્યાનમાં લેવાનો પ્રયાસ કરીએ છીએ. જેમ કે...

- પાશ્ચાત્ય અને ભારતીય સંસ્કૃતિનું સંતુલન કરવામાં અનુભવાતી મૂંઝવણ
- માતા-પિતાને બાળકનો ઉછેર કરવા માટે સમય અને સંસ્કારના અભાવની મૂંઝવણ છે.

...અને આવા અનેક મુદ્દાઓ કે જે આપણે સમય-સમય પર અનુભવતા હોઇએ છીએ.

# વિદ્યા

## આધુનિક વિદ્યા



ફક્ત આધુનિક સુવિધાઓથી જ આધુનિક શિક્ષણ પ્રાપ્ત થતું નથી, પણ સાચા શિક્ષણ માટે યોગ્ય વાતાવરણની પણ એટલી જ આવશ્યક્તા છે.

**શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ એ છે કે ભાવિ પડકારોને પડકારવા માટે જરૂરી ગુણોને બાળકના જીવનમાં સ્થાપિત કરવા.**

વિદ્યા દ્વારા અમે બાળકોમાં આ ગુણો વિકસિત કરવાનો પ્રયાસ કરીએ છીએ, કે જે સુનિશ્ચિતપણે બાળકનો સર્વાંગી વિકાસ કરશે.

### મહત્ત્વાકાંક્ષાની પ્રેરણા



જો કે, કારકિર્દીને પૂર્વ-નિર્ધારિત કરવી એ એક હાનિકારક પગલું છે, ''પ્રત્યેક ક્રિયા માટે કંઈક ઉદ્દેશ હોવો'' એ પણ ખૂબ જ આવશ્યક સુટેવ છે. આ એક એવી સુટેવ છે કે જે મહાન સિદ્ધિઓ માટે પ્રેરણા આપે છે.

### જિજ્ઞાસાવૃત્તિની જાગૃતિ



વિશ્વની મહાનતમ શોધોની શરૂઆત માત્ર એક પ્રશ્નથી જ થઈ છે. જ્યારે પ્રશ્ન થતા બંધ થઈ જાય છે, એ જ ક્ષણે શીખવાનું પણ મરી જાય છે!

### બૌદ્ધિક વિકાસ



જીવંત ઉદાહરણ એ શિક્ષણની કોઈ એક જ પદ્ધતિ નથી, એ જ એક માત્ર પદ્ધતિ છે ! એક સિદ્ધાંત, કે જે વર્તનમાં વણાયેલો નથી, એ મગજમાં માત્ર કચરા તરીકે જ રહે છે અને બૌદ્ધિક વિકાસમાં તેનો કંઈ ફાળો હોતો નથી!

### અભ્યાસક્રમ

ગુરુકુલમાં અભ્યાસક્રમ ફક્ત પુસ્તક-કેન્દ્રિત જ નહીં, પરંતુ ટેકનોલોજિ, અભ્યાસકીય પ્રવૃત્તિ અને મૂલ્યાંકનની પદ્ધતિને કેન્દ્રિત છે.

### મૂલ્યાંકન

બાળકનું મૂલ્યાંકન માત્ર લેખિત પરીક્ષાઓથી જ થતું નથી, પરંતુ ગુરુકુલમાં, પ્રત્યેક ક્ષણ એ મૂલ્યાંકનની ક્ષણ છે. પછી એ ક્વિઝ હોય કે ડિબેટ હોય, નૃત્ય-નાટિકા હોય કે સેમિનાર હોય, આ બધા દ્વારા બાળકનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

### જી-સ્ટેટસ

ગુરુકુલમાં જી-સ્ટેટસ એ પ્રત્યેક બાળકના સર્વાંગી વિકાસ માટે અભ્યાસકીય, સહ-અભ્યાસકીય અને અન્ય પ્રવૃત્તિઓમાંથી પ્રાપ્ત થયેલા ગુણનો સ્કોર છે.

## સર્જનાત્મક્તાને પ્રોત્સાહન



સર્જનાત્મક પુરુષ એક એવું બાળક છે કે જે વિષમતાઓમાં પણ ટકી રહે છે, આપણામાં સર્જનાત્મક્તા એક એવી શક્તિ છે કે જે આપણા સપનાઓને વાસ્તવિક્તામાં પરિવર્તિત કરે છે.

## ક્રિયાશીલતાને ઉત્તેજન




રમત-ગમત એ મનુષ્યના સૌથી નિષ્ઠાવાન ગુણો શીખવાની એક મનોરંજક પદ્ધતિ છે; હિંમત, આત્મવિશ્વાસ, ટીમવર્ક, એકાગ્રતા, શિસ્ત, ખંત, ધૈર્ય, સહનશક્તિ અને બીજા ઘણાં ગુણો...

## રમતિયાળપણાનો આસ્વાદ



આપણે વૃદ્ધ થયા એટલે જીવનનો સાચો આનંદ માણવાનું બંધ થઈ ગયું એવું નથી; પણ આપણે આનંદ માણવાનું બંધ કર્યું એટલે વૃદ્ધ થઈ ગયા. રમતિયાળપણાનાં આસ્વાદ વિના ભાગ્યે જ જીવનનાં અદ્ભુત રંગોને માણી શકીએ છીએ.

## નેતૃત્ત્વનું સશક્તિકરણ



અન્યને પ્રેરણા પૂરી પાડવાની ક્ષમતા એ મનુષ્યની શ્રેષ્ઠત્તમ ક્ષમતા છે. ઈતિહાસે એવી ઘણી વ્યક્તિઓ જોઈ છે કે જેણે એકલાએ આખી દુનિયાને બદલી નાખી હોય!

## અભૂતપૂર્વ ઉદ્‌ગારો

ગુરુકુલ વાસ્તવમાં તેના નામને સાર્થક કરી રહ્યું છે. ગુરુકુલે મારામાં જે સ્વયંશિસ્ત પ્રસ્થાપિત કર્યુ છે તેનું મને અત્યંત ગૌરવ છે. ઝડપથી બદલાતી દુનિયામાં જ્યારે પ્રશ્નો થઈ રહ્યાં છે ત્યારે હું ગુરુકુલનાં અભ્યાસી દિવસોમાં પાછો જઈને મારી સમસ્યાઓનું સમાધાન શોધી લઉ છું.

હું કેપ્ટન કુંતલ કિકાણી, મેં સાઉથ આફ્રિકાના, બોત્સવાનાના અને એર ઈન્ડિયાના હવાઈ જહાજો પણ ઉડાડ્યા છે અને હાલ એર ઈન્ડિયા કંપનીમાં પ્રથમ સિનિયર ઓફિસર તરીકે કાર્યરત છું.



કેપ્ટન કુંતલ કિકાણી
સિનિયર પાયલોટ, એર ઈન્ડિયા

આજે જે કાંઈ સફળતા અને વિકાસ મને પ્રાપ્ત થયો છે તે માત્રને માત્ર શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અને તેના સંતોને આભારી છે. આધુનિક શિક્ષણની સાથે આ ગુરુકુલે મારામાં નૈતિકતા, પ્રામાણિકતા, આધ્યાત્મિકતા અને શિસ્તબદ્ધતા જેવા અમૂલ્ય સંસ્કારોનું સિંચન કર્યુ છે. ગુરુકુલે જીવતરનાં દરેક પરિપ્રેક્ષ્યમાં સ્થિર, ધીર અને શિસ્તબદ્ધ રહેવાનું શિખવ્યું છે. આ માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ અને તેના સંતોનો હું ખૂબ ઋણી છું.



રાકેશ એચ. દૂધાત
એમ.ડી., શ્રીહરિ ગ્રુપ
ભારત, અમેરિકા, ઈંગ્લેંડ, આરબદેશ, આફ્રિકા

૧૯૮૧ થી ૮૪ના સમયમાં મેં રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં અભ્યાસ કરેલો. આ સમયગાળાનાં વર્ષોએ મારા ભાવિનું ઘડતર કરી દીધું. અભયદાનની ખૂબ મોટી શિક્ષા અને દીક્ષા આ ગુરુકુલમાંથી મને મળી. માત્ર અભ્યાસમાં જ નહી પરંતુ જીવતરનાં દરેક પડકારોનો સામનો કરી પાર ઉતરવાનું બળ પણ સાંપડ્યું. ગુરુકુલનાં સંતોનું અસીમ સમર્પણ, સમજણ અને દિશાસૂચન આજ પણ મારા માનસને અને અસ્તિત્વને સુયોગ્ય દિશામાં દોરી રહ્યાં છે.



ડો. ધીરજ કાકડિયા
એડીશનલ ડાયરેક્ટર જનરલ,
પી.આઈ.બી.-આર.ઓ.બી., ભારત સરકાર

## પુરસ્કાર

ટોપર્સ બાળકોને જ પ્રોત્સાહિત કરવા એ તો ઠીક છે! પણ ગુરુકુલમાં, અમે પ્રગતિશીલ પ્રત્યેક બાળકને પ્રોત્સાહિત કરીએ છીએ. એ પ્રોત્સાહનનું સ્વરુપ કદાચ પ્રમાણપત્ર હોય કે પછી ફ્રી ટૂર હોય!

## નવીનીકરણ

ટેક્નોલોજિના આ યુગમાં, તમામ ક્ષેત્રે અદ્ભુત પ્રગતિ થઈ છે, તેમા શિક્ષણ ક્ષેત્ર પણ અપવાદ નથી. ગુરુકુલમાં અમે બાળકોને નવીનીકરણ માટે પ્રોત્સાહિત કરીએ છીએ.

## અમારી માન્યતા

અમે એવું દૃઢપણે માનીએ છીએ કે, "આધુનિક શિક્ષણ જ માત્ર સાચું શિક્ષણ નથી. પરંતુ આધ્યાત્મિકતા અને માનવતાના મૂલ્યો સાથેનું શિક્ષણ જ સાચું શિક્ષણ છે."

# સદ્‌વિદ્યા

## સાંસ્કૃતિક વિદ્યા



જીવનને વૈભવશાળી બનાવવાના
પ્રયત્નોમાં આપણે ખરેખર જીવન
જીવવાનું જ ભૂલી ગયા છીએ.

**પ્રાચીન ભારતીય
સંસ્કૃતિમાંથી પ્રાપ્ત
જીવનમૂલ્યો અને નૈતિકતા
આપણી જીવનયાત્રાને
આનંદદાયક બનાવે છે.**

સદ્‌વિદ્યા દ્વારા, અમે આ તમામ
જીવન મૂલ્યોને પ્રારંભથી જ
અમારા વિદ્યાર્થીઓના જીવનમાં
વિકસાવવાનો પ્રયાસ કરીએ છીએ.



સંસ્કૃતિ



દેશભક્તિ



સંવાદિતા

# બ્રહ્મવિદ્યા

## આધ્યાત્મિક વિદ્યા



અનુભવ વગરની આધ્યાત્મિકતા માત્ર એક **દંતકથા** બની રહે છે. અને આધ્યાત્મિકતાના વિવિધ અભિગમની ગેરસમજ આપણને જીવનના **દિવ્યાનંદથી વંચિત** રાખે છે.

**વેદોમાંથી પ્રાપ્ત થયેલા અભિગમો, આધ્યાત્મિકતાના એક સાચા અનુભવ તરફ દોરી જાય છે.**

**બ્રહ્મવિદ્યા** દ્વારા, અમે દિવ્યાનંદ પ્રાપ્ત થાય તેવો આધ્યાત્મિકતાનો અભ્યાસ અને ભગવાન સાથેનો સંબંધ પ્રસ્થાપિત કરાવવાનો પ્રયાસ કરીએ છીએ.



**આધ્યાત્મિકતા**



**સેવા**



**સંબંધ**

# સંસ્થાકીય સેવાયજ્ઞ

**શૈક્ષણિક સેવાઓ ઉપરાંત, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન અનેકવિધ માનવતાવાદી સેવાઓમાં પણ હંમેશા અગ્રસર છે.**

## રાહત સેવાઓ





- ૫૮-આપદ્‌ગ્રસ્ત પ્રદેશોમાં શાળાઓનું નિર્માણ
- ૫૩-આપત્તિઓમાં રાહત કામગીરી
- ૪૭૦-કૂવાઓનું રી-ચાર્જીંગ
- ૮૦૦-ચેક ડેમોનું નિર્માણ

## સામાજિક સેવાઓ





- ૫૦૬-કેટલ કેમ્પ દ્વારા ૫,૦૬,૨૭૮ પશુઓની નિઃશુલ્ક સારવાર
- નિઃશુલ્ક શિક્ષણ કેન્દ્રો
- આદિવાસી ગામોમાં ભોજન અને આરોગ્ય સેવાઓ
- વૃક્ષારોપણ

## આરોગ્ય સેવાઓ





- ૮૩,૭૫,૧૨૩ સીસી રક્તદાન
- ૧૪- નિઃશુલ્ક હૃદય રોગ નિદાન કેમ્પ
- ૩૫,૮૧,૭૫૫ દર્દીઓની નિઃશુલ્ક/રાહતદરે સારવાર
- ૮૩૩ કેમ્પ દ્વારા ૩,૨૧,૮૬૯ દર્દીઓનું નિઃશુલ્ક નિદાન

## નૈતિક સેવાઓ





- હજારો વ્યસનમુક્તિ અભિયાનો દ્વારા ૭,૦૦,૦૦૦ યુવાનોને વ્યસનમુક્ત કર્યા
- ૩૪ મહોત્સવોની ઉજવણી
- ૨૫૦ પુસ્તકોની ૨૭,૨૮,૫૪૫ પ્રતોનું પ્રકાશન
- ૩૪૫ ઓડીયો/વીડિઓ CD/ કેસેટનું પ્રકાશન

## આધ્યાત્મિક સેવાઓ





- ૧૭૫ મંદિર નિર્માણ
- ૧૧ સ્પેશિયલ યાત્રા ટ્રેન
- ૮૦૩ કથા પારાયણ
- ૧૯ ચતુર્વેદ પારાયણ
- ૧૭૫ સંસ્કાર શિબિર

**શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનમાં અપાતું દાન કલમ-૮૦જી હેઠળ કરમુક્ત છે.**

# શ્રી 'સ્વામિનારાયણ' ગુરુકુલ જ શા માટે ?

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંસ્થાપક પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી પોતાના જ નામથી શ્રી 'ધર્મજીવન' ગુરુકુલની સ્થાપના કરી શક્યા હોત ! છતાં પણ પોતાની પ્રસિદ્ધિથી દૂર રહી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય નામને પ્રસિદ્ધ કરવાના શુભાશયથી આ સંસ્થાનું નામ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાખ્યું છે.



॥ पाखण्डे बहूले लोके स्वामी नाम्ना हरिः स्वयम्  पापपङ्कनिमग्नानां जगदुद्धारयिष्यति ॥
- पद्म पुराण

દ્વાપરયુગમાં ભગવાન શ્રીકૃષ્ણના અવતાર કાર્ય બાદ ૫૦૦૦ વર્ષ પછી, ઈ.સ. ૧૭૮૧ માં પૃથ્વી પર ભાગવત ધર્મનું પુનઃસ્થાપન કરવા, અયોધ્યાની નજીક આવેલા છપૈયા ગામમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય થયું. એમણે કળિયુગમાં આચરણ કરી શકાય એવો આત્યંતિક મુક્તિનો માર્ગ બતાવ્યો.

## ભગવાન શ્રી સ્વામિનારાયણનું દિવ્ય જીવન

**પૃથ્વી પર પ્રાગટ્ય**

પિતા : ધર્મદેવ, માતા : ભક્તિદેવી, જન્મ સ્થળ : છપૈયા,
જન્મતારીખ : ૨-૪-૧૭૮૧, સોમવાર
(સંવત્ ૧૮૩૭, ચૈત્ર સુદ-૯, રામનવમી)
સમય : રાત્રે : ૧૦:૧૦ વાગ્યે

**૭ વર્ષે — સર્વશાસ્ત્રોમાં નિપુણ**

વેદો, ઉપનિષદો, રામાયણ, ભગવદ્ ગીતા વગેરે શાસ્ત્રોમાં નિપુણ થયાં.

**૧૦ વર્ષે — કાશીમાં વિદ્વાનોની સભામાં વિજેતા થયાં**

**૧૧ વર્ષે — ગૃહત્યાગને કરી સમગ્ર ભારતયાત્રાનો પ્રારંભ કર્યો**

ગૃહત્યાગ કરીને યોગી થયા. ખુલ્લા પગે એક અદ્વિતીય યાત્રા, સાથે કાંઈપણ લીધાં વગર શરૂ કરી. દેશનાં લગભગ તમામ યાત્રાધામોની મુલાકાત કરતાં કરતાં ભારત ભ્રમણ કર્યું. ઉત્તરમાં હિમાલય, પૂર્વમાં શ્રી જગન્નાથપુરી, દક્ષિણમાં શ્રી રામેશ્વરમ્ અને પશ્ચિમમાં શ્રી ગિરનારની પણ યાત્રા કરી. ૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ દરમ્યાન ૧૨,૦૦૦ કિ.મી.ની પરિક્રમા પૂર્ણ કરી.

**૧૪ વર્ષે — અષ્ટાંગયોગમાં પારંગત થયાં**

**૨૦ વર્ષે — ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા સંભાળી**

એમની અતુલનીય પદયાત્રા બાદ,માત્ર ૧૮ વર્ષની વયે તેઓ ગુજરાતના લોજ ગામમાં શ્રી રામાનંદ સ્વામીના આશ્રમમાં સ્થિર થયા. શ્રી રામાનંદ સ્વામી જાણતા હતાં કે પધારેલ યોગીરાજ સ્વયં સર્વોપરી ભગવાન છે, તેથી સમય જતાં પોતાના આધ્યાત્મિક વારસ તરીકે નિયુક્ત કર્યા.

**૨૫ વર્ષે — ૨૦૦૦ પરમહંસોને ભાગવતી દીક્ષા આપી**

આ પરમહંસો તપ અને ત્યાગની મૂર્તિ હતા. નિષ્કામ અને અધ્યાત્મથી ભરપૂર આ પરમહંસોએ પંચવર્તમાનનું કઠોરપણે પાલન કર્યું હતું. તેઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સંદેશાઓને સમાજના પ્રત્યેક સ્તર સુધી પહોંચાડવા ગામો ગામ અને વ્યક્તિએ વ્યક્તિ સુધી સતત પરિભ્રમણ કર્યું.

**૨૯ વર્ષે — સામાજિક અને આધ્યાત્મિક ક્રાંતિઓનો શુભારંભ કર્યો**

**૪૫ વર્ષે — શિક્ષાપત્રી આદિક સત્શાસ્ત્રોની રચના કરી**

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઈ.સ. ૧૮૨૬માં સર્વશાસ્ત્રના સારરૂપ 'શિક્ષાપત્રી' ગ્રંથની રચના કરી, કે જેનું દરેક ભક્તજન આદરથી પઠન અને આચરણ કરે છે. આ શિક્ષાપત્રીના આદેશો પારિવારિક, વ્યવસાયિક, સામાજિક, નૈતિક, આધ્યાત્મિક જીવનમાં દિશા સૂચન કરે છે.

**૪૯ વર્ષે — અક્ષરધામ ગમન**

ઈ.સ. ૧-૬-૧૮૩૦, મંગળવાર સવંત: ૧૮૮૬, જેઠ સુદ-૧૦, ગઢપુર

## ગુણાતીત પરંપરા



અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ
શ્રી ગુણાતીતાનંદ સ્વામી



સદ્‌ગુરુ શ્રી
બાલમુકુંદદાસજી સ્વામી



સદ્‌ગુરુ શ્રી
ધર્મસ્વરૂપદાસજી સ્વામી



સદ્‌ગુરુ શ્રી
ગોપીનાથદાસજી સ્વામી



પ.પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી



પ.પૂ. ગુરુવર્ય
મહંત સ્વામી
શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી

# મહાનુભાવોના ઉદ્‌ગારો



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન અનન્ય, અપ્રતિમ અને ઉમદા સર્જનાત્મક કાર્ય કરી રહ્યું છે. અહીં શિક્ષણ લેતાં દરેક વિદ્યાર્થીમાં સંસ્કાર, સંસ્કૃતિ, શાલિનતા, પ્રામાણિકતા, વફાદારી અને ધર્મશીલતાની તાકાત અનન્ય અને અદ્‌ભુત છે.

- શ્રી નરેન્દ્રભાઈ મોદી (માનનીય વડાપ્રધાનશ્રી, ભારત)



૨૫-૦૫-૨૦૧૩



૦૯-૦૮-૨૦૧૩

આપની સંસ્થા જે પદ્ધતિથી વિદ્યાર્થીજીવનમાં એક સંતુલિત, સર્જનાત્મક અને આદર્શ પરિવર્તન લાવે છે, તે જાણવા હું ખૂબ જ આતુર અને અભિલાષી છું. આપની પ્રતિબદ્ધતા જ ખરેખર પરિવર્તન લાવતી હશે તેનો મને ભરોસો છે. ભારતમાં આવી શૈક્ષણિક સંસ્થા ભાગ્યે જ જોવા મળે છે.

- ડો. એ.પી.જે. અબ્દુલ કલામ (પૂર્વ રાષ્ટ્રપતિ, ભારત)





શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના વિદ્યાર્થીઓની શિસ્તબદ્ધ સાધના અને વિદ્યાની આરાધના જોતાં હું ખૂબ સંતોષ સાથે રાજી થયો છું. શિક્ષણ સાથે ધર્મ અને આધ્યાત્મિકતાનાં સંસ્કારો પણ ખૂબ જ જરૂરી છે. જે આ સંસ્થામાં વિદ્યાર્થીઓને અપાય રહ્યાં છે.

- પ.પૂ. શ્રી ડોંગરેજી મહારાજ



૦૨-૦૧-૧૯૭૩



૨૧-૦૩-૧૯૯૧

મને પૂર્ણ ખાત્રી છે કે, જે વિદ્યાર્થીઓએ આ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાંથી શિક્ષણ લીધું છે, તેવો કોઈપણ વિદ્યાર્થી પોતાનાં સદ્‌વર્તન અને સદ્‌ગુણોથી જરૂર સમાજ અને રાષ્ટ્રની શ્રેષ્ઠતમ સેવા કરશે.

- શ્રી રાજીવ ગાંધી (પૂર્વ વડાપ્રધાન, ભારત)





શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનની સુવર્ણ જયંતી મહોત્સવમાં ઉપસ્થિત રહેવાની તક મળી તે માટે ખૂબ જ હર્ષની લાગણી અનુભવું છું. હું વિચારી રહ્યો છું કે આવી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાનો અવસર મને કેમ ન મળ્યો ?

- શ્રી અટલબિહારી વાજપેયી (પૂર્વ વડાપ્રધાન, ભારત)



૨૬-૧૨-૧૯૯૭



૩૦-૦૯-૨૦૧૭

શૈક્ષણિક ક્ષેત્રે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલનું યોગદાન અભૂતપૂર્વ છે. રાષ્ટ્ર ઘડતરમાં નૈતિક મૂલ્યોનું પ્રદાન કરવા આ ગુરુકુલ તેના વિદ્યાર્થીઓને સમર્થ અને તેજસ્વી બનાવે છે.

- શ્રી વિજયભાઈ રૂપાણી (માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)



# Our Branches

## Rajkot
- School : Nursery to 12 (Eng. & Guj.)
- Hostel : 5 to 12 Sci. & Com.
- Dhebar Road, Rajkot- 360002
- rajkot@sgrs.school

98799 48401/2

## Surat
- School : KG to 12 (Eng. & Guj.)
- Hostel : 7 to 12 Sci. & Com.
- Gurukul Road, Ved, Surat
- surat@sgrs.school

90993 21000

## Taravada
- School : KG to 12 Sci., Com. & Arts
- Hostel : 6 to 12 Sci., Com. & Arts
- Ta.-Dist. Amreli, Via: Babapur
- taravada@sgrs.school

99099 10550

## Junagadh
- School : 8 to 12 Sci. & Com.
- Hostel : 8 to 12 Sci. & Com.
- College Road, Junagadh
- junagadh@sgrs.school

9727773384

## Gyanbag (Junagadh)
- School : 1 to 12 Com. (CBSE & GSEB)
- Hostel : 5 to 12 Com. (Eng. & Guj.)
- Rajkot Highway Sabalpur, Junagadh
- gyanbag@sgrs.school

90999 72201

## Vadodara
- School : 1 to 10 (CBSE & GSEB)
- Hostel : 5 to 10 & College
- N.H.-08 Varnama, Dist. Vadodara
- vadodara@sgrs.school

90998 21000

## Vidyanagar
- School : 3 to 10 (CBSE)
- Hostel : 4 to 10 & College
- Bakrol Road, Vidyanagar
- vidyanagar@gurukul.org

78787 87552/4

## Morbi
- School : KG to 12 Com. (CBSE & GSEB)
- Hostel : 5 to 12 Com., College
- Morbi-Maliya Bypass, Morbi-363642
- morbi@sgrs.school

99099 31637

## Bhayavadar
- School : 1 to 12 Commerce
- Hostel : 5 to 12 Commerce
- Padvala Rd, Ta.Upleta, Di. Rajkot- 360450
- bhayavadar@sgrs.school

70 48 48 0003/4

## Keshod
- School : 1 to 12 Commerce
- Hostel : 5 to 12 Commerce
- Axaygadh, Dist. Junagadh
- keshod@sgrs.school

98256 58889

## Bhavnagar
- School : KG to 12 Sci.&Com.&Arts
- Hostel : 5 to 12 Sci.&Com., College
- Kankot Road, Bhavnagar-364060
- bhavnagar@sgrs.school

75758 04475

## Jamnagar
- School : 1 to 10 (Eng. & Guj.)
- Hostel : 5 to 10
- Kalavad Chokdi, Dwarka-Jamnagar Bypass Rd
- jamnagar@sgrs.school

63595 00051

## Ahmedabad
- School : 3 to 12 (Eng. & Guj.)
- Hostel : College
- Nikol, Ahmedabad
- ahmedabad@gurukul.org

89700 01222

:: Other State Branches ::

Hyderabad- TS, New Mumbai- MH, Bangalore- KA, Gulbarga - KA, Raipur- CG, Bidar- TS, Nagpur- MH, Solapur- MH, Mumbai (Chowk)- MH, Vijayawada - AP, Jadcherla- TS, NTPC Lara, Raigadh- CG, New Delhi- NCR, Secunderabad- TS

:: Overseas Branches ::

Dallas - TX, Paramus - NJ, Chicago - IL, Phoenix - AZ, Atlanta - GA, Los Angeles - CA, San Antonio - TX, Springfield - IL, Santo Domingo, London - UK, Melbourne - Australia

Our College Campus : Junagadh- B.Sc., BCA, B.Sc. (IT)
Taravada - B.Ed., BCA, B.Sc.
Ratanpar - Free accommodation for collegians

Navsari, Nilkanthdham, Varnidradham, Una, Jasdan

# Make Your Choice

Join this noble **Mission** of *Transforming Life*

Join as a : Student | Teacher | Employee | Volunteer | Member | Devotee

www.gurukul.org www.rajkotgurukul.org

SHREE SWAMINARAYAN

GURUKUL

INTERNATIONAL SCHOOL

www.gurukul.org | www.rajkotgurukul.org